# ગણવેશ ખરીદી અંગેની ટૂંકી મુદતની ટેન્ડર નોટીસ

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત ધ્વારા જુદા–જુદા સ્થળોએ યોજવામાં આવતા વિવિધ રમતોના પ્રિનેશનલ કોચીંગ કેમ્પ / ઘનિષ્ઠ પ્રશિક્ષણ શિબિર તેમજ સ્પોર્ટસ હોસ્ટેલ, નડીયાદ, ભાવનગર, પોરબંદરના ખેલાડીઓને રમતને અનુરૂપ ગણવેશ મંજુર કરવામાં આવે તો ૩ વર્ષના માટેના વાર્ષિક કોન્ટ્રાકટથી સમયસર પૂરા પાડી શકે તેમ હોય તેવી રસ ધરાવતી પાર્ટીઓએ સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતની કચેરી, બ્લોક નં.૧૪, ૩જો માળ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર ખાતેથી ટેન્ડરની શરતો અને ગણવેશની વિગતો કચેરી સમય દરમ્યાન મેળવીને શરતો મુજબ ટેન્ડર સીલબંધ કવરોમાં "ગણવેશ માટેના ટેન્ડર" લાલ અક્ષરોમાં લખાણ કરી **તા.૨૦/૦૫/૨૦૧૧ ના રોજ બપોરના ૧૭–૦૦** કલાક સુધીમાં ઉપરોકત સરનામે મળી જાય તે રીતે Two Bid System મુજબ સીલબંધ કવરમાં મોકલી આપવાના રહેશે. ટેન્ડર અંગેની માહિતી તથા શરતો www.sycd.gov.in વેબસાઈટ પર ઉપલબ્ધ થઈ શકશે.

ટેન્ડરની શરતો મુજબ ગણવેશની દરેક આઈટમના એક એક નમૂનાઓ જ ટેન્ડર સાથે રજૂ કરવાના રહેશે.

સચિવ
સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત
ગાંધીનગર

**સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, બ્લોક નં.૧૪/૩ જો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર–૩૮૨૦૧૦ દ્વારા રાષ્ટ્રકક્ષાએ ભાગ લેવા જતી વિવિધ ટીમોના ખેલાડીઓ / સ્પોર્ટસ હોસ્ટેલના ખેલાડીઓ તેમજ ઘનિષ્ઠ પ્રશિક્ષણમાં ભાગ લેનાર ખેલાડીઓ માટે ગણવેશ પુરો પાડવા અંગેની ટેન્ડરની જરૂરી વિગતો અને શરતો : –**

---

## <u>ટેન્ડરની શરતો</u>

ભાવપત્રકો બે જુદા–જુદા સીલ કરેલા કવરમાં નીચેના સરનામે મોકલવાના રહેશે.

**સચિવશ્રી,**
સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત,
બ્લોક નં.૧૪/૩ જો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર – ૩૮૨૦૧૦

## <u>(૧) ટેકનીકલ બીડ કવર – "A"</u>

નીચેની વિગતો આ કવરમાં રજૂ કરવાની રહેશે.

(૧) અર્નેસ્ટમની ડીપોઝીટ રૂા.૧૦,૦૦૦/– નો ડીમાન્ડ ડ્રાફટ સચિવશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગરના નામનો આ કવરમાં રાખવાનો રહેશે.

(૨) પાર્ટીનો ધંધો રજીસ્ટ્રર થયાના પ્રમાણપત્રની ઝેરોક્ષ એટેસ્ટેડ નકલ રાખવાની રહેશે.

(૩) સેલટેક્ષ (જી.એસ.ટી.) સેન્ટ્રલ સેલટેક્ષ (સી.એસ.ટી.) ના રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની ઝેરોક્ષ નકલ.

(૪) છેલ્લા બે વર્ષના ધંધાના ટર્નઓવરની વિગતો.

(૫) ધંધો / પેઢીના બંધારણ રજીસ્ટ્રેશનની નકલ, નામ અને સરનામાની વિગતો.

(૬) મેન્યુફેકચરરનો લેટર ઓફ ઓથોરીટી.

(૭) માલ ડીલીવરી આપવાની શરતો અને સમય.

(૮) ટેન્ડર સાથે સામેલ નમૂનાની વિગતો.

(૯) ઈન્કમટેક્ષ કલીયરન્સ સર્ટીફીકેટ.

## <u>(૨) કોમર્શીલય બીડ કવર – "B"</u>

આ સાથે સામેલ <u>પત્રક–અ</u> માં જણાવેલ ગણવેશના ટેકનીકલ સ્પેશીફીકેશન મુજબ જણાવેલ મટીરીયલ મુજબ બ્રાન્ડ અને સ્પેસીફીકેશન મુજબના ડ્રેસ નંગ–૧ અથવા જોડીના ભાવ તમામ ટેક્ષ અને ટ્રાન્સપોર્ટ સાથેના દર્શાવવાનાં રહેશે.

**<u>નોંધ :</u>**– ઉપર મુજબના A, B કવરો સીલબંધ રીતે કવર ઉપર સ્પષ્ટ વિગતો સહ રજૂ કરવાના રહેશે.

(૧) ગણવેશના ભાવો સીલબંધ કવર A, B ની વિગતો કવર ઉપર દર્શાવી કચેરીમાં **તા.૨૦/૦૫/૨૦૧૧** ના રોજ **૧૭:૦૦ કલાક** સુધીમાં મળી જાય તે રીતે મોકલવાના રહેશે. સમય મર્યાદા બહાર આવેલ ભાવપત્રકો સ્વીકારવામાં આવશે નહીં.

(૨) સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગરની કચેરીની સુચના મુજબ જે તે સ્થળે ચાલતી શિબિરો (કેમ્પ) તેમજ સ્પોર્ટસ હોસ્ટેલોના સ્થળે જઈને માપ લઈ તે મુજબના ગણવેશ તૈયાર કરી જે તે સ્થળે જરૂરીયાત મુજબ નિયત સમય મર્યાદામાં પાર્ટીના ખર્ચે પહોંચાડવાના રહેશે.

(૩) પ્રશિક્ષણ શિબિરમાં ખેલાડીઓને જે ગણવેશ આપવામાં આવે તે રાષ્ટ્રકક્ષાએ ભાગ લેવા જતી ટીમના ખેલાડીઓને રાષ્ટ્રકક્ષાએ ભાગ લેવાનાં સમય પહેલાં મોડામાં મોડા ૩ દિવસ પૂર્વે ખેલાડીઓને સંપૂર્ણ ગણવેશ પુરો પાડવાનો રહેશે. સમય મર્યાદામાં ખેલાડીઓને ગણવેશ પુરો પાડવામાં નહીં આવે તો ઈજારદાર સામે શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(૪) ખેલાડીઓને ગણવેશની આઈટમો એકી સાથે પુરેપુરી સંખ્યામાં ટીમ મેનેજર / સિનીયર કોચશ્રીની હાજરીમાં જ ઈજારદારે પુરી પાડવાની રહેશે.

(૫) ભાવો સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત તથા તેના ગુજરાતમાં આવેલ કેન્દ્રો પુરતાં મર્યાદિત રહેશે.

(૬) કવરની ડાબી બાજુ પર " ખેલાડીઓના ગણવેશ માટેના ભાવો " સ્પષ્ટ દર્શાવવાનું રહેશે. તેમજ કવર ઉપર પાર્ટીનું નામ, સરનામું સ્પષ્ટ જણાવવાનું રહેશે.

(૭) સીલ પેકેટમાં સેમ્પલ આપવાના રહેશે. પેકેટ ઉપર સેમ્પલની વિગત તથા પાર્ટીના નામ, સરનામાં દર્શાવવાના રહેશે. ઉત્પાદકતાનું નામ / ટેન્ડર ઈન્કવાયરી નંબર / પાર્ટીની સહી પેકેટ ઉપર કરેલી હોવી જોઈએ.

(૮) ટેન્ડરમાં મોકલવામાં આવેલ ગણવેશની દરેક વસ્તુના સ્પેસીફીકેશન બ્રાન્ડ મુજબના સેમ્પલો વિનામૂલ્યે કચેરીમાં ભાવો સાથે રજૂ કરવાના રહેશે. દરેક આઈટમ માટે એક જ સેમ્પલ સ્વીકારવામાં આવશે. દરેક સેમ્પલ ઉપર તેની કિંમત પણ દર્શાવવાની રહેશે.

(૯) આપવામાં આવેલ ભાવો ત્રણ વર્ષ માટેના રહેશે. તેમાં કોઈપણ વધારો પાછળથી અમલમાં આવશે નહી, અને ઉકત ભાવે સંતોષકારક માલ પૂરો પાડવા માટે પાર્ટી બંધાયેલ રહેશે. અન્યથા ઈ.એમ.ડી./એસ.ડી. જપ્ત કરવામાં આવશે. પાર્ટીના મંજુર રહેલ ભાવો અંગે તેઓની પ્રથમ વર્ષની કામગીરી એટલે કે, પરફોર્મન્સને આધારે ખરીદ સમિતિ દ્વારા પાર્ટીનું ટેન્ડર રદ કરવું કે કેમ ? તેનો નિર્ણય કરશે. જે પાર્ટીને બંધનકર્તા રહેશે.

(૧૦) પાર્ટી ટેન્ડરની શરતો મુજબનો માલ સમય મર્યાદામાં નહીં પુરો પાડી શકે અથવા ઓછો / નુકસાનીવાળો / યોગ્ય ગુણવત્તાવાળો ન હોય તેવો માલ પુરો પાડવામાં આવશે તો ઓર્ડર રદ્દ કરવામાં આવશે અને ઈજારદાર સામે શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(૧૧) ભાવોના દરેક પાન ઉપર પાર્ટીએ સહી કરેલ હોવી જોઈએ.

(૧૨) ગેરન્ટી પીરીયડ દરમ્યાન થયેલ નુકસાન માટે પાર્ટીના ખર્ચે માલ બદલી આપવાનો રહેશે.

(૧૩) મોડા મળેલ ભાવપત્રકો/અધુરી વિગતના ભાવ પત્રક શરતી ભાવપત્રક/ અસ્પષ્ટ ભાવપત્રક સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત ધ્વારા નામંજુર કરવાનો અધિકાર અબાધિત રહેશે.

(૧૪) સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત તમામ ભાવપત્રકો કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય નામંજુર કરી શકશે. ટેન્ડરની શરતો અને બોલીઓ કે ટેન્ડર ડોકયુમેન્ટમાં કોઈ વિરોધાભાસ જણાશે, તો આ અંગે ડાયરેકટર જનરલશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતનો નિર્ણય આખરી ગણાશે.

(૧૫) ફેકસ, ટેલીગ્રામથી આવેલ ભાવો સ્વીકારવામાં આવશે નહીં.

(૧૬) ખરીદ સમિતિ, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતને લાગશે તો પાર્ટી પાસેથી શંકાસ્પદ બાબતો માટે સ્પષ્ટતા મેળવવાનો હક્ક રહેશે.

(૧૭) ટેન્ડર મંજુર થયેથી પાર્ટીને ભાવ મંજુર થયા બદલનાં વર્કઓર્ડરથી જાણ કરવામાં આવશે.

(૧૮) પાર્ટીએ ટેન્ડર ખોલતી વખતે રૂબરૂ હાજર રહેવા અથવા પ્રતિનિધિને હાજર રાખવા માટે ઓથોરીટી લેટર સચિવશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતને આપવાનો રહેશે, તેમજ પાર્ટીને માલ પુરો પાડવા માટે આપવામાં આવતાં આદેશમાં આપે સમય મર્યાદામાં વધારો કરવા માટે લેખિતમાં સચિવશ્રીની મંજુરી લેવાની રહેશે, અન્યથા આ અંગે ઉપર દર્શાવ્યા મુજબની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

(૧૯) વિવાદના કેસમાં ખરીદ સમિતિનો નિર્ણય આખરી રહેશે.

(૨૦) પાર્ટીએ ટેન્ડરની શરતો અને બોલીઓ વાંચી છે, સમજી છે તે મુજબનું અંડર ટેકીંગ લેખિતમાં આપવાનું રહેશે.

(૨૧) ટેન્ડર ડોકયુમેન્ટ ટ્રાન્સફરેબલ નથી તેમજ તેની ફી પરત કરવા પાત્ર રહેશે નહીં.

(૨૨) ટેન્ડરમાં દર્શાવેલ વિગતો ગેરમાર્ગે દોરનાર ખોટી કે અધુરાશ જણાશે તો ખરીદ સમિતિ ટેન્ડર રદ્દ કરવા માટે હક્કદાર રહેશે અને ઈ.એમ.ડી. / એસ.ડી. જપ્ત કરવા માટે સક્ષમ રહેશે.

(૨૩) માલ પુરો પાડતાં પહેલાં સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત ધ્વારા નોમીનેટ કરવામાં આવનાર અધિકૃત અધિકારી અથવા થર્ડ પાર્ટી તરફથી ઉત્પાદિત સ્થળે માલનું ઈન્સ્પેકશન કરવામાં આવશે.

(૨૪) અત્રેથી મંજુર કરવામાં આવેલ ભાવો ઉપરાંત અન્ય કોઈપણ પ્રકારનાં ચાર્જ જેવા કે, ટ્રાન્સપોર્ટેશન, ઓકટ્રોય, વેચાણવેરો કે અન્ય ચાર્જની ચૂકવણી કરવામાં આવશે નહીં, તેમજ પાર્ટીનાં બીલોમાંથી નિયમાનુસારની ટી.ડી.એસ.ની કપાત કરવામાં આવશે.

**સચિવ**
સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત,
ગાંધીનગર

ઉપર મુજબની ટેન્ડરની શરતો મેં વાંચી છે, સમજી છે અને તે મુજબની શરતો અમોને મંજુર છે. ટેન્ડરની શરતો મુજબ ટેન્ડર ભરવામાં આવેલ છે.

**તારીખ : –      /૦૫/૨૦૧૧      સહી : –**

**પાર્ટીનું નામ અને સરનામું : –**

# પત્રક–અ

## સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, બ્લોક નં.૧૪/૩ જો માળ, ર્ડા. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર–૩૮૨૦૧૦ દ્વારા રાષ્ટ્રકક્ષાએ ભાગ લેવા જતી વિવિધ ટીમોના ખેલાડીઓ, સ્પોર્ટસ હોસ્ટેલના ખેલાડીઓ તેમજ ઘનિષ્ઠ પ્રશિક્ષણમાં ભાગ લેનાર ખેલાડીઓ માટે ગણવેશ પુરા પાડવા અંગેની ટેન્ડરની જરૂરી વિગતો

| ક્રમ | ગણવેશની આઈટમનું નામ | અંદાજીત જરૂરિયાત મુજબના જથ્થાની વિગત | જરૂરી સ્પેસીફીકેશન (માપદંડ) અને બ્રાન્ડ | પાર્ટીના ૧ નંગ / જોડનો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | ટ્રેકશૂટ | ૧૨૦૦ નંગ | **સુપર પોલીકલોથ, એન પી એન કલોથ**<br>**(અ)** ટ્રેકશૂટનું લોઅર (પેન્ટ) નેવી બ્લ્યુ રંગનું બે પોકેટવાળુ કમરમાં રબ્બર તથા નાડી સાથેનું રહેશે.<br>**(બ)** ટ્રેકશૂટનું અપર (જેકેટ) પોર્શન લાઈટ બ્લ્યુ રંગનું અને કોલર તથા સ્લીવ લોઅર (પેન્ટ) ના નેવી બ્લ્યુ રંગની રાખવાની રહેશે અને ફુલ ચેઈનવાળી બે પોકેટવાળુ બનાવવાનું રહેશે.<br>**(ક)** ટ્રેકશૂટના આગળના ભાગમાં **SAG** નો લોગો અને પાછળના ભાગે **GUJARAT** અંગ્રેજીમાં કેપીટલ અક્ષરમાં લખવાનું રહેશે | |
| ૨ | ટી–શર્ટ : –<br>૧. હાફ કોલરવાળા<br>૨. હાફ ગોળ ગળાના<br>૩. ફુલ સ્લીઝ કોલરવાળા | ૨૦૦૦ નંગ | **હનીકોમ કલોથ વીથ સ્પાન, મેટીકલોથ**<br>**(અ)** ફુલ સ્લીવ ટી–શર્ટ – ૨૦૦ નંગ<br>**(બ)** હાફ સ્લીવ ટી–શર્ટ / ગોળ ગળાના–૯૦૦ નંગ કોલરવાળા – ૯૦૦ નંગ<br>ટી–શર્ટનો કલર લાઈટ બ્લ્યુ રહેશે તેમ છતાં રમતને અનુરૂપ જુદા– જુદા કલરો જેવા કે, સફેદ તેમજ ગોલકીપર માટે અલગ કલરનાં પુરા પાડવાના રહેશે.<br>**(ક)** ટી–શર્ટના આગળના ભાગમાં **SAG** નો લોગો અને પાછળના ભાગે **GUJARAT** અંગ્રેજીમાં કેપીટલ અક્ષરમાં લખવાનું રહેશે | |
| ૩ | હાફ પેન્ટ (ચડ્ડી) | ૫૦૦ નંગ | **હનીકોમ કલોથ વીથ સ્પાન, મેટીકલોથ**<br>**(અ)** રમતને અનુરૂપ ચેઈન તથા બેલ્ટવાળી પોકેટ સાથે તેમજ સંપૂર્ણ રબ્બરવાળી જરૂરીયાત મુજબની ચડ્ડીઓ સીવીને તૈયાર કરેલી પુરી પાડવાની રહેશે.<br>**(બ)** આ ચડ્ડી કોફી કલરની તથા રમતને અનુરૂપ જુદા–જુદા કલરની પુરી પાડવાની રહેશે. | |

| ક્રમ | ગણવેશની આઈટમનું નામ | અંદાજીત જરૂરિયાત મુજબના જથ્થાની વિગત | જરૂરી સ્પેસીફીકેશન (માપદંડ) અને બ્રાન્ડ | પાર્ટીના ૧ નંગ / જોડનો ભાવ |
|---|---|---|---|---|
| ૪ | ક્રિકેટ ટ્રાઉઝર (પેન્ટ) | ૧૬૪ નંગ | **સુપર પોલીકલોથ, એન પી એન કલોથ** ક્રિકેટ રમત માટે વ્હાઈટ ટ્રાઉઝર નંગ–૧૬૪ | |
| ૫ | સ્કર્ટ | ૪૦૦ નંગ | **હનીકોમ કલોથ વીથ સ્પાન, મેટીકલોથ** આ સ્કર્ટ બેલ્ટ તથા ચેઈનવાળા પોકેટ સાથે તેમજ સંપૂર્ણ રબ્બરવાળા પણ જરૂરીયાત મુજબ સીવીને તૈયાર કરી પુરા પાડવાના રહેશે. | |
| ૬ | બનિયન | ૨૫૦ નંગ | **કોટન કલોથ** અંદાજે ૨૫૦ નંગ લાઈટ બ્લ્યુ કલરની બનિયન જુદી–જુદી સાઈઝમાં પુરી પાડવાની રહેશે.<br>બનિયનના આગળના ભાગમાં **SAG** નો લોગો અને પાછળના ભાગે **GUJARAT** અંગ્રેજીમાં કેપીટલ અક્ષરમાં લખવાનું રહેશે. | |
| ૭ | સ્ટોકીગ્ઝ (ફુટબોલ તથા હોકી) | ૩૦૦ જોડ | **નાયલોન, કોટન** | |
| ૮ | જૂડો ડ્રેસ (ભાઈઓ/બહેનો) | ૫૦ નંગ | **હેવી કલોથ** અંદાજીત ૫૦ જોડી જૂડોના સફેદ ડ્રેસ જુદી–જુદી સાઈઝમાં બેલ્ટ સાથે પુરા પાડવાના રહેશે. | |
| ૯ | જીમ્નાસ્ટીકસ કોસ્ચ્યુમ (ભાઈઓ/બહેનો) | ૯૦ નંગ | **લાઈક્રા કલોથ (ફોર સાઈઝ સ્ટ્રેચેબલ)** અંદાજીત ૪૦ નંગ સ્લેકસ ભાઈઓ માટે અને ૫૦ નંગ કોસ્ચ્યુમ બહેનો માટે પુરા પાડવાના રહેશે. | |
| ૧૦ | સ્વીમીગ કોસ્ચ્યુમ – ભાઈઓ બહેનો | ૮૦ નંગ | **લાઈક્રા કલોથ (ફોર સાઈઝ સ્ટ્રેચેબલ)** અંદાજીત ૪૦ નંગ ભાઈઓ માટે તથા ૪૦ નંગ બહેનો માટે સ્વીમીગ કોસ્ચ્યુમ જુદી–જુદી સાઈઝમાં એક જ રંગના પુરા પાડવાના રહેશે. | |
| ૧૧ | કુસ્તી કોસ્ચ્યુમ (ભાઈઓ) | ૪૦ નંગ | **લાઈક્રા કલોથ (ફોર સાઈઝ સ્ટ્રેચેબલ)** કુસ્તીના ખેલાડીઓ માટે અંદાજીત ૪૦ નંગ (રીવર્સીબલ) કુસ્તી કોસ્ચ્યુમ બંને સાઈડ અલગ–અલગ કલરના અલગ–અલગ સાઈઝમાં પુરા પાડવાના રહેશે. | |
| ૧૨ | યોગાસન કોસ્ચ્યુમ (ભાઈઓ/બહેનો) | ૫૦ નંગ ભાઈઓ ૩૦ નંગ બહેનો | **લાઈક્રા કલોથ (ફોર સાઈઝ સ્ટ્રેચેબલ)** યોગાસનના ખેલાડીઓ માટે અંદાજીત કોસ્ચ્યુમ ભાઈઓ/બહેનો માટે અલગ–અલગ કલર અને સાઈઝમાં પુરા પાડવાના રહેશે. | |

| ક્રમ | ગણવેશની આઈટમનું નામ | અંદાજીત જરૂરિયાત મુજબના જથ્થાની વિગત | જરૂરી સ્પેસીફીકેશન (માપદંડ) અને બ્રાન્ડ | પાર્ટીના ૧ નંગ / જોડનો ભાવ |
|---|---|---|---|---|
| ૧૩ | સ્કેટીંગ કોસ્ચ્યુમ (ભાઈઓ/બહેનો) | ૫૪ નંગ | **લાઈક્રા કલોથ (ફોર સાઈઝ સ્ટ્રેચેબલ)** | |
| ૧૪ | વેઈટ લીફટીંગ કોસ્ચ્યુમ (ભાઈઓ/બહેનો) | ૧૫ નંગ | **લાઈક્રા કલોથ (ફોર સાઈઝ સ્ટ્રેચેબલ)** | |
| ૧૫ | ફૂટબોલ, હોકી તથા ક્રિકેટ શૂટ (સ્ટડ) | ૩૫૦ જોડ | **રબર સ્ટડ**<br>**(અ)** ફૂટબોલ અંદાજીત ૧૦૦ જોડી સ્ટડશૂઝ પુરા પાડવાના રહેશે.<br>**(બ)** હોકી માટે અંદાજીત ૨૦૦ જોડી શૂઝ પુરા પાડવાના રહેશે.<br>**(ક)** ક્રિકેટ રમત માટેનાં સ્ટડશૂઝ ૫૦ જોડી પુરા પાડવાના રહેશે. | |
| ૧૬ | સ્પાઈક (દોડ–કૂદ–ફેંક માટે) | ૧૦૦ જોડ | **સિન્થેટીક સરફેસ**<br>દોડ–કૂદ–ફેંક માટેના સ્પાઈક અંદાજીત ૧૦૦ જોડી પુરા પાડવાના રહેશે. | |
| ૧૭ | મોજાં | ૧૬૦૦ જોડ | **કોટન**<br>**(અ)** અંદાજીત ૭૦૦ જોડી સફેદ રંગના નાયલોનના મોજાં જુદી–જુદી સાઈઝમાં પુરા પાડવાના રહેશે.<br>**(બ)** અંદાજે ૯૦૦ પેર નાયલોન મોજાં ડાર્ક બ્લ્યુ કલરના ફ્રી સાઈઝના મોજાં પુરા પાડવાના રહેશે. | |
| ૧૮ | શૂઝ (કેનવાસ) | ૭૦૦ જોડ | **કેનવાસ**<br>અંદાજીત ૭૦૦ જોડી સફેદ કેનવાસ જુદી–જુદી સાઈઝમાં પ્રતિષ્ઠિત કંપનીના પુરા પાડવાના રહેશે. | |
| ૧૯ | ટેનિસ / ટેબલ ટેનિસ શૂઝ | ૬૮ જોડ | **ક્રેપ્સ ઓલ**<br>**(૧)** અંદાજે ૩૪ જોડ ટેનિસ શૂઝ જુદી–જુદી સાઈઝમાં સારી કવોલીટીના પુરા પાડવાના રહેશે.<br>**(૨)** અંદાજે ૩૪ જોડ ટેબલ ટેનિસ જોગીગ શૂઝ સારી કવોલીટીનાં પુરા પાડવાના રહેશે. | |
| ૨૦ | બેડમિન્ટન શૂઝ | ૩૪ જોડ | **ક્રેપ્સ ઓલ**<br>અંદાજે ૩૪ જોડ જુદી–જુદી સાઈઝમાં સારી કવોલીટીના પુરા પાડવાના રહેશે. | |
| ૨૧ | કુસ્તી શૂઝ | ૪૦ જોડ | **મેટ શુઝ**<br>અંદાજે ૪૦ જોડ જુદી–જુદી સાઈઝમાં સારી કવોલીટીના પુરા પાડવાના રહેશે. | |
| ૨૨ | બાસ્કેટબોલ | ૧૦૦ જોડ | **ફુલ એન્કલ શુઝ** | |

| ક્રમ | ગણવેશની આઈટમનું નામ | અંદાજીત જરૂરિયાત મુજબના જથ્થાની વિગત | જરૂરી સ્પેસીફીકેશન (માપદંડ) અને બ્રાન્ડ | પાર્ટીના ૧ નંગ / જોડનો ભાવ |
|---|---|---|---|---|
| | શૂઝ | | અંદાજે ૧૦૦ જોડ, જોગીગ શૂઝ સારી કવોલીટીના જુદી–જુદી સાઈઝમાં પુરા પાડવાના રહેશે. | |
| ૨૩ | વોલીબોલ શૂઝ | ૮૪ જોડ | **ક્રેપ્સ ઓલ** અંદાજે ૮૪ જોડ, જોગીગ શૂઝ સારી કવોલીટીના જુદી–જુદી સાઈઝમાં પુરા પાડવાના રહેશે. | |
| ૨૪ | હેન્ડબોલ શૂઝ | ૧૫૮ જોડ | **ક્રેપ્સ ઓલ** અંદાજે ૧૫૮ જોડ, જોગીગ શૂઝ સારી કવોલીટીના જુદી–જુદી સાઈઝમાં પુરા પાડવાના રહેશે. | |
| ૨૫ | જીમ્નાસ્ટીક્સ શૂઝ | ૪૦ જોડ | **મેટસ શુઝ** જોગીગ શૂઝ સારી કવોલીટીના જુદી–જુદી સાઈઝમાં પુરા પાડવાના રહેશે. | |
| ૨૬ | ફેન્સીગ ડ્રેસ | ૨૦ જોડ | **હેવી કોટન** ભાઈઓ/ બહેનો માટેના અલગ અલગ ડ્રેસ પુરા પાડવાના રહેશે. | |

**પાર્ટીનું નામ : – ____________________________**

**પાર્ટીના સહી / સિક્કા : – ____________________________**